### સ્પેશિયલ ઑલિમ્પિક્સ સમર ગેમ-૨૦૧૯માં

# ગુજરાતની ટીમને ૪ ગોલ્ડ સહિત ૧૮ મૅડલ






ગાંધીનગર, તા. ૩૧
સ્પેશિયલ ઑલિમ્પિક્સ સમર ગેમ-૨૦૧૯માં ગુજરાતના ખેલાડીઓએ કુલ ૧૮ મૅડલ પ્રાપ્ત કરીને ગુજરાતના ગૌરવમાં વધારો કર્યો છે.

સ્પેશિયલ ઑલિમ્પિક્સ ભારત-ગુજરાત તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્પેશિયલ ઑલિમ્પિક્સ સમર ગેમ-૨૦૧૯નું આયોજન તા. ૧૪થી ૨૧ માર્ચ દરમિયાન અબુધાબી, યુએઈ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૧૯૨ દેશોના ૭૫૦૦ ઍથલિટ્સે ભાગ લીધો હતો. ૨૪ જેટલી રમતોનું આયોજન આ સમર ગેમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

સ્પેશિયલ ઑલિમ્પિક્સ ભારત તરફથી આ રમતોત્સવમાં ૨૮૪ ખેલાડીઓ અને ૭૧ કોચની ટીમ ભાગ લેવા ગઈ હતી, જેમાં ગુજરાતમાંથી ૧૬ ખેલાડીઓ અને ૫ કોચ મળીને કુલ ૨૧ની ટીમ સામેલ થઈ હતી.

આ રમતોત્સવમાં ભારતના ખેલાડીઓએ ૩૬૮ મૅડલ પ્રાપ્ત કર્યા હતા, જેમાં ૮૫ ગોલ્ડ, ૧૫૪ સિલ્વર અને ૧૨૭ બ્રૉન્ઝ મૅડલનો સમાવેશ થાય છે. ગુજરાતના ખેલાડીઓએ ૪ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૬ બ્રૉન્ઝ મળી કુલ ૧૮ મૅડલ મેળવ્યા હતા. ગુજરાતની ટીમમાંથી મંત્ર જિતેન્દ્રકુમાર હરખાની, જ્યોતિ પરાગભાઈ વરધા, મનીષાબેન ભીખાભાઈ ચૌહાણ, ચિરાગ બબાજી ઠાકોર, નયનકુમાર ગોપાલભાઈ દેવધરીયા, રેશ્મા અયુબભાઈ તુર્ક, ચાર્મી પ્રકાશભાઈ પટેલ, રાજ હિતેન્દ્રકુમાર બંધારાય, વિનાયક વિષ્ણુપ્રસાદ રાજ્યગુરૂ, રાજેશ અર્જુનભાઈ પગી, દર્શન મહેશભાઈ પટેલ, સોમી લાલાભાઈ ડામોર, પુષ્પા ગણપતભાઈ બારીયા અને સાક્ષી યોગેશભાઈ મિસ્ત્રી મૅડલ જીતવા માટે સદ્ભાગી બન્યાં હતાં.તાજેતરમાં આ ખેલાડીઓ અમદાવાદ ઍરપોર્ટ પર આવતાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ખેલપ્રેમીઓ આ સ્પેશિયલ રમતવીરોને વધાવવા સ્વયંભૂ ઉમટી પડ્યા હતા.



મેજિક હેટ પ્રિસ્કૂલ દ્વારા પોતાના વાર્ષિકોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ખાતે યોજાયેલી આ ઉજવણીમાં બ્રહ્માકુમારીઝ, ગાંધીનગરનાં અગ્રણી કૈલાશદીદી અને પ્રિસ્કૂલનાં ડિરેક્ટર નીલમ સૂરી ઉપસ્થિત રહ્યાં હતાં. ભૂલકાઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો, જેમાં સ્વચ્છતા અભિયાન અને શહીદોને શ્રદ્ધાંજલી જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. તેજસ્વી બાળકોને આ પ્રસંગે મૅડલ અને પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### ચૂંટણીની આચારસંહિતાના કારણે

## ગુજરાત યુનિ. સેનેટની બેઠક મિનિટોમાં જ આટોપી લેવાઈ

ગાંધીનગર, તા. ૩૧
ગુજરાત યુનિવર્સિટીની સેનેટની બેઠક આગામી લોકસભાની ચૂંટણી આચારસંહિતાના પગલે પંદર મિનિટમાં જ આટોપી લેવાઈ હતી. સેનેટની બેઠકમાં ઈલેક્શન કમિશનના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા અને તેમણે સમગ્ર કાર્યવાહીનું વીડિયો રેકૉર્ડિંગ કર્યું હતું. બેઠકમાં બજેટ અને વાર્ષિક અહેવાલ મંજૂર કરાયા હતા. શનિવારે ગુજરાત યુનિવર્સિટીની સેનેટની બેઠક મળી હતી. જોકે, આ બેઠક આચારસંહિતાના પગલે માત્ર પંદર મિનિટમાં જ પૂર્ણ કરી દેવામાં આવી હતી. બેઠકમાં બજેટ અને વાર્ષિક અહેવાલ મંજૂર કરાયા હતા. આ સિવાયના અન્ય કોઈ કામો હાથ પર લેવામાં આવ્યા ન હોવાનું જાણવા મળે છે. બેઠકમાં ચૂંટણી પંચના અધિકારીઓએ વીડિયો રેકૉર્ડિંગ કરી કામગીરી પર નજર રાખી હતી. કુલપતિએ બેઠકમાં પ્રશ્નોત્તરી આચારસંહિતાના લીધે હાથ પર લઈ શકાય નહીં તેમ જણાવ્યું હતું. જોકે, કોઈ સભ્યોને પ્રશ્નો હોય તો તેઓ લેખિતમાં આપશે તો તે અંગે યોગ્ય કરવાની ખાતરી આપી હતી. આમ, શનિવારની સેનેટની બેઠક ઔપચારિક બની રહી હતી.

### સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા

# દશાબ્દિ પૂર્ણાહુતિની ઉજવણી કરાઈ






ગાંધીનગર, તા. ૩૧
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા સંસ્થાને દશ વર્ષ પૂર્ણ થતાં તમામ સભ્ય પરિવારો માટે એક સમૂહ પ્રીતી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જુના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ "પુરાની યાદેં" ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. નિલેશ બ્રહમભટ્ટ, દિપાલી શાસ્ત્રી તથા રવિ શાહ દ્વારા મોહમ્મદ રફી, કિશોરકુમાર તથા લતાજીના સ્વરમાં ગાયેલાં સુમધુર જુનાં ગીતોનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. આ સંસ્થાના દશાબ્દી વર્ષની પુર્ણાહૂતિ પ્રસંગે તમામ કારોબારો સભ્યોને સજોડે તેઓની વૈવિધ્યસભર સેવાઓ બદલ સન્માનીત કરવામાં આવેલ. સાથોસાથ સભ્ય પરિવારમાં જેમનો જન્મદિવસ હોય તેમને જાહેરમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત દશક યાત્રાના સહભાગી થવા બદલ લકકી સભ્યોને પણ સ્મૃતિચિન્હ આપી નવાજવામાં આવ્યા. સંગઠનના મોભી જીલુભા ધાધલના માર્ગદર્શન હેઠળ ભુપેન્દ્ર ગજજર, લક્ષ્મણભાઈ કંસારા, જયંતિભાઈ વઘાશિયા, મુકેશભાઈ કાલાવડીયા, જી. પી. પટેલ તથા સમગ્ર ટીમ દ્વારા સુંદર રીતે દશાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતીયા અને ચેતનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આદર્શ નિવાસી કન્યા શાળા (અ.જા.), ગાંધીનગર ખાતે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા

# હાઈજીન ઍન્ડ ગાયનેકોલૉજી માર્ગદર્શન કાર્યક્રમ







રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આદર્શ નિવાસી કન્યા શાળા (અ.જા.), સેક્ટર-૮, ગાંધીનગર ખાતે હાઈજીન ઍન્ડ ગાયનેકોલૉજી માર્ગદર્શન અંગેનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શાળાની ધો. ૯ અને ધો. ૧૧ની ૭૯ વિદ્યાર્થીઓને તેમની તરૂણાવસ્થામાં થતા વિવિધ ફેરફારો અને તેના દ્વારા ઉદ્ભવતી ખામીઓ અને નિરાકરણ વિશે ગાંધીનગરનાં જાણીતાં ડૉક્ટર નીતા શેખાત દ્વારા માર્ગદર્શન તેમજ આ અંગેના મૂંઝવતા પ્રશ્નો અંગે જરૂરી પગલાંની સુંદર સમજ આપવામાં આવી હતી. ડૉ. નીતા શેખાતે આ બાબતની ઝીણામાં ઝીણી બાબતથી પણ વિદ્યાર્થીનીઓને ખૂબ જ સરળ ભાષામાં તેમની આગવી શૈલીમાં માહિતગાર કરાવી હતી. વિદ્યાર્થીનીઓએ પણ નિખાલસતાપૂર્વક પોતાના પ્રશ્નોને ડૉક્ટર સમક્ષ રજૂ કર્યા હતા અને તેમનું નિરાકરણ મેળવ્યું હતું. આ અંગે વધારે માર્ગદર્શન અંગે પણ ડૉક્ટર નિતા શેખાત પોતે આ શાળાના સતત સંપર્કમાં રહેશે તેવી ખાતરી આપી હતી. આ માર્ગદર્શન કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહીને ગાંધીનગરનાં અગ્રણી સમાજસેવિકા અમીબેન શાહે વિદ્યાર્થિનીઓને પ્રસંગોચિત માર્ગદર્શન પુરું પાડ્યું હતું. તેમણે વિદ્યાર્થીનીઓને શારિરીકની સાથે સાથે વૈચારિક રીતે પણ હિંમત કેળવવા અનેક દાખલાઓના માધ્યમથી સમજ આપી હતી.

શાળાનાં આચાર્ય જ્યોતિકાબેન રાવલ દ્વારા આવકાર પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ કેપિટલના પૂર્વ પ્રમુખ અરવિંદ રાણા, મનોજ સરૈયા, નીરુ પટેલ, ભાવના ઠક્કર, શાળા પરિવારનાં શિક્ષક રંજનાબેન ગુપ્તા, સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેરમેન જયશ્રી ખેતિયા અને સંસ્થાના સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## જન્મદિને વધામણી


મયંક દવે


ડો. શંકરસિંહ રાણા


નવનીતલાલ સોમનાથ ભટ્ટ
મો. ૯૯૨૪૮ ૮૩૫૧૬


અશોકકુમાર કે સોલંકી
મો. ૯૮૨૪૨ ૮૫૬૩૩


મુળજીભાઈ પરમાર 'દધિ'
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩


તુષાર જગદીશચંદ્ર દવે
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨


ધ્રુવકુમાર સીતારામભાઈ પટેલ
મો. ૯૮૯૮૦ ૯૫૨૦૦


મોઈનરઝા મહંમદહબીબ શેખ
મો. ૯૩૨૭૩ ૮૪૯૬૭

# ઐક્યની ઝંખના

॥ બીજો મણકો ॥

150 ગાંધીયાત્રા

આવી જાતના વિચારોભર્યો હું દિલ્હી ગયો. મુસલમાનોના દુ:ખ વિષેની ચર્ચા મારે વાઈસરૉય સાથે કરવાની જ હતી. ખિલાફતના પ્રશ્ને હજુ પોતાનું પૂર્ણ સ્વરૂપ પકડ્યું નહોતું.

દિલ્હીમાં પહોંચતાં દીનબંધુ ઍન્ડ્રુઝે એક નૈતિક પ્રશ્ન ઊભો કર્યો. એ જ અરસામાં ઈટાલી ને ઈંગ્લંડ વચ્ચેના છૂપા કરારો વિષેની ચર્ચા અંગ્રેજી અખબારોમાં થયેલી તેની દીનબંધુએ મને વાત કરી ને કહ્યું:'જો આમ છૂપા કરારો ઈંગ્લંડે કોઈ સત્તાની સાથે કર્યા હોત તો તમારાથી આ સભામાં કેમ મદદગાર ભાગ લેવાય?' હું આ કરારો વિષે કંઈ જાણતો નહોતો. દીનબંધુનો શબ્દ મારે સારુ બસ હતો. આવા કારણને અંગે સભામાં ભાગ લેવાની આનાકાની કરનારો પત્ર મેં લૉર્ડ ચેમ્સફર્ડને લખ્યો. તેમણે મને ચર્ચા કરવા બોલાવ્યો. તેમની સાથે ને પછી મિ. મેફીની સાથે મને લાંબી ચર્ચા થઈ. તેનો અંત એ આવ્યો કે મેં સભામાં ભાગ લેવાનું સ્વીકાર્યું. વાઈસરોયની દલીલ ટૂંકમાં આ હતી: 'તેમે એમ તો નથી માનતા ને કે બ્રિટિશ કૅબિનેટ જે કંઈ કરે તેની વઈસરૉયની જાણ હોવી જોઈએ? બ્રિટિશ સરકાર કોઈ દિવસ સરકાર કોઈ દિવસ ભૂલ ન જ કરે એવો દાવો હું નથી કરતો, કોઈ કરતું નથી. પણ જો તેની હસ્તી જગતને કલ્યાણકારી છે એમ તમે કબૂલ કરો, જો તેની પ્રવૃત્તિથી આ દેશને કલ્યાણકારી છે એમ તમે માનો, તો દરેક શહેરીનો તેની આઓઅતિને સમયે સતેને મદદ દેવાનો ધર્મ છે એમ તમે કબૂલ નહીં કરો? છૂપા કરારને વિષે જે તમે છાપામાં જોયું છે તે મેં પણજોયું છે. એથી વિશેષ હું નથીએ જાણતો એ હુ તમને ખાતરીપૂર્વક કહી શકું છું. છાપામાં કેવી ગપો આવે છે એ તો તમે જાણો જ છો. શું છાપમાં આવેલી એક નિંદક વાતથી તમે સલ્તનતનો આવે સમયે ત્યાગ કરી શકો છો? લડાઈ પૂરી થઈ ગયા પછી તમારે જેટલા નીતિના પ્રશ્નો ઉઠાવવા હોય એટલા ઉઠાવી શકો છો, ને જેટલી વઢવાડ કરવી હોય એટલી કરી શકો છો.'

આ દલીલે નવી નહોતી. જે અવસરે ને જેવી રીતે મુકાઈ તેથી મને નવી જેવી જણાઈ ને મેં સભામાં જવાનું કબૂલ કર્યું. ખિલાફત બબત મારે વાઈસરૉયને કાગળ લખી મોકલવો એમ ઠર્યું.

સભામાં હું હાજર થયો. વાઈસરૉયની તીવ્ર ઈચ્છા હતી કે મારે સિપાહીને મદદના ઠરાવને ટેકો આપવો. મેં હિંદી-હિંદુસ્તાનીમાં બોલવાની માંગની કરી. વાઈસરૉયે તે સ્વીકારી, પણ સાથે જ અંગ્રેજીમાં બોલવાનું સૂચવ્યું. મરે તો ભષન કરવું જ નહોતું. હું જે બોલ્યો ત્ આટલું જ હતું: 'મને મારી જવાબદારીનું પૂરતું ભાન છે, ને તે જવાબદારી સમજતો છતો હું આ ઠરાવને ટેકો આપું છું.'

મને હિંદુસ્તાનીમાં બોલવા સારુ ઘણાએ ધન્યવાદ આપ્યા. તેઓ કહેતા હતા કે, વાઈસરૉયની સભામાં આ કાળમાં હિંદુસ્તાનીમાં બોલવાનો આ પહેલો દાખલો હતો. ધન્યવાદ અને પહેલો દાખલો હોવાની ખબર ખૂંચ્યા. હું શરમાયો. આપના જ દેશમાં, દેશને લાગતા કામની સભામાં દેશની ભાષાનો બહિષ્કાર કે તેની અવગણના એ કેવી દુ:ખની વાત! અને મરા જેવા કોઈ હિંદુસ્તાનીમાં એક બે વાક્ય બોલે તો તેમાં ધન્યવાદ શા? આવા પ્રસંગો આપની પડતી દશાનું ભાન કરાવનારા છે. સભામાં બોલેલા વાક્યમાં મરે સારુ તો બહુ વજન હતું. એ સભા કે એ ટૅકો મારાથી ભુલાય તેમ નહોતાં. મરી એક જવાબદારી તો મારે દિલ્હીમાં જ આટોપી લેવાની હતી. વઈસરૉયને કાગળ લખવાનું કામ મને સહેલું ન લાગ્યું. સભામાં જવાની મારી આનાકાની , તેનાં કારણો, ભવિષ્યની આશાઓ વગેરેની ચોખવટ મારે સારુ કરવાની મને આવશ્યક લાગી.

મેંવાઈસરૉયને કાગળ લખ્યો તેમાં લોકમાન્ય તિલક, અલીભાઈઓ વગેરે નેટઓની ગેરહાજરી વિષે મારો શોક જાહેર કર્યો, લોકોની રાજ્ય પ્રકરણી માગણીનો ને લડાઈમાંથી ઉત્પન્ન થતી મુસલમાનોની માગણીઓનો ઉલ્લેખ કર્યો. આ કાગળ છાપવાની મેં રજા માગી તે વાઈસરૉયે ખુશીથી આપી.

આ કાગળ સિમલા મોકલવાનો હતો, કેમકે સભા પૂરી થતાં વાઈસરૉય તો સિમલા પહોંચી ગયાં હતાં. ત્યાં ટપાલ મારફતે કાગળ મોકલવો એમાં ઢીલ થતી હતી. મારે મન કાગળ મહત્ત્વનો હતો.વખત બચાવવાની જરૂર હતી. (ક્રમશ:)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર